# ડીસા નગરપાલિકા(બીજો પ્રયત્ન)

૧.કામની વિગત :–

ડીસા નગરપાલિકા વિસ્તારમાં જરૂરીયાત મુજબના કામો કાચી/પાકી ગટર સફાઈ, દબાણ હટાવવા, ગટર ખોદાણ કામ તથા નગરપાલિકાને જરૂરીયાત મુજબના કામો માટે જે.સી.બી. મશીન, હીટાચી મશીન, ટ્રેકટર–ટ્રોલી, ડમ્પર ડ્રાઈવર ડીઝલ સાથે ભાડે આપવાનું કામ

૨.કોન્ટ્રાકટરની ટેન્ડર ભરવા માટેની પાત્રતા :–

1. ઈજારદાર જી.એસ.ટી નંબર ધરાવતા હોવા જોઈએ.
2. ઈજારદાર પાન નંબર ધરાવતા હોવા જોઈએ.
3. ઈજારદારે ઓછામાં ઓછી ૨ નગરપાલિકામાં જે.સી.બી. મશીન તેમજ ટ્રેકટર ટ્રોલી સપ્લાય કરવાનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.
4. છેલ્લા ૩ વર્ષના ઈન્કમટેક્ષ રીર્ટનની નકલ
5. ઈજારદાર પાસે માલીકીનું જે.સી.બી. મશીન હોવુ જોઈએ. જેની આર.સી. બુકની નકલ બીડવાની રહેશે.
6. જોઈન્ટ વેન્ચર માન્ય ગણાશે નહી.

૩. અન્ય શરતો :–

(૧) શરતી ટેન્ડર તેમજ અધુરી વિગતોવાળા ટેન્ડર માન્ય ગણાશે નહી.

(૨) સમય મર્યાદા બહારના ટેન્ડર તેમજ ઈ.એમ.ડી. વગરના ટેન્ડર માન્ય ગણાશે નહી.

(૩) નગરપાલિકામાં નિયત કરેલ સમય મર્યાદામાં મળેલ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વગર મંજુર કે નામંજુર કરવાની સત્તા ડીસા નગરપાલિકાની રહેશે. તેમજ તેમના નિર્ણય અંગે કોઈપણ કારણ આપવા બંધાયેલ નથી. તેમાં કોઈ વાંધો કે તકરાર ચાલશે નહી.

૪.ટેન્ડરની માહીતી :–

1. ટેન્ડર ચીફ ઓફીસરશ્રી ડીસા નગરપાલિકાના નામે તમામ ટેક્ષ સહીતના ભાવો ભરી ડીસા નગરપાલિકા તા.ડીસા જી.બનાસકાંઠાને સીલબંધ કવર તથા કવર ઉપર "ડીસા નગરપાલિકા વિસ્તારમાં જરૂરીયાત મુજબના કામો માટે જે.સી.બી. મશીન, હીટાચી મશીન, ટ્રેકટર–ટ્રોલી, ડમ્પર ભાડે આપવાનું કામ " લખી મોકલવાનું રહેશે. ટેકનીકલ બીડ તથા ફાયનાન્સીયલ બીડ અલગ અલગ કવરમાં સીલ કરી મોકલવાનું રહેશે.
2. ટેન્ડર રજી.પોસ્ટથી મોકલવાના રહેશે અને કવર ઉપર ભાવ ભરનારનું પુરેપુરૂ નામ અને સરનામું ટેલીફોન નંબર મોબાઈલ નંબર સ્પષ્ટ લખવાના રહેશે.
3. ટેન્ડરમાં જણાવેલ આઈટમોના ભાવો સિવાય બીજા ભાવો ધ્યાનમાં લેવામાં આવશે નહી

૫.ઈ.એમ.ડી. પરત/જપ્ત

(૧) ના મંજુર થયેલ ટેન્ડરોની ઈ.એમ.ડી. નીચા ભાવના  ટેન્ડર મંજુર થયા તારીખથી ૩૦ દિવસ બાદ ચીફ ઓફીસરશ્રીના નામે અરજી કર્યેથી પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) સમય મર્યાદામાં કામ શરૂ ન કરેથી નોટીસ આપી જરૂરી કાર્યવાહી કરી ઈ.એમ.ડી. જપ્ત કરવામાં આવશે.

(૩) ટેકનીકલ બીડ સાથે રૂ.૬૦,૦૦૦/– (અંકે રૂપીયા સાઈઠ હજાર)  EMD માન્યતા પ્રાપ્ત બેન્કના ડીમાન્ડ ડ્રાફ્ટ , પે–ઓર્ડર, બેન્ક ગેરેટીં  પૈકી કોઈપણ એક સ્વરૂપે રજુ કરવાની રહેશે તથા ટેન્ડર ફી ના રૂા.૧૫૦૦/– (અંકે રૂપીયા પંદર સો પુરા)  નો ડીમાન્ડ ડ્રાફટ સામેલ કરવાનો રહેશે.

(૪) જે એજન્સીના ટેન્ડર મંજુર થાય તે એજન્સીએ નગરપાલિકામાં રાષ્ટ્રીયકૃત બેંકની FDR/DD રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ની રકમ  નગરપાલિકામાં સીકયોરીટી ડીપોઝીટ જમા કરાવી ધારા ધોરણ મુજબ ૩૦૦ ના સ્ટેમ્પ ઉપર કરાર લેખ કરી આપ્યા બાદ વર્ક ઓર્ડર આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૫) નગરપાલિકાની નાણાંકીય ઉપલબ્ધતા અને અનુકુળતા પ્રમાણે નાણાંની ચુકવણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ બીલમાંથી સરકારશ્રીના નિયમોનુસાર કપાત કરવાપાત્ર રકમ કપાત કરવામાં આવશે.

(૬) કામગીરીના બીલનું ચુકવણું નગરપાલિકાની આર્થિક સ્થિતિ/વ્યવસ્થા અનુસાર કરવામાં આવશે. આ અંગે એજન્સી કોઈ હક દાવો કે વિલંબીત વળતર વસુલાત અંગે  કોઈ  હકક દાવો કરી શકશે નહી. નગરપાલિકા ધ્વારા બીલના નાણાં ચુકવવામાં કોઈ કારણોસર વિલંબ થાય તો નકકી થયેલ કામમાં અને સમયમર્યાદામાં ઈજારદાર(કોન્ટ્રાકટર)નો વિલંબ ચાલશે નહી.

(૭) કોન્ટ્રાકટનો સમયગાળો પુરો થયા બાદ કામગીરી સંતોષપુર્વક જણાય તો સીકયોરીટી ડીપોઝીટ એક માસમાં પરત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

૬. ટેન્ડરની શરતો :–

1. આવેલ ભાવોમાં સૌથી ઓછાભાવવાળાને લોએસ્ટ ગણવામાં આવશે અને કામગીરી કરવા આગળની કાર્યવાહી કરવામાં આવશે.
2. ઈજારદાર પેટા કોન્ટ્રકાટ આપી શકશે નહી પેટા કોન્ટ્રાકટ આપ્યા અંગે અંગે ધ્યાને આવશે તો ઈજારો રદ કરવામાં આવશે. અને ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.
3. નગરપાલિકા ધ્વારા આવેલ ટેન્ડર અંગે સૌ પ્રથમ ટેકનીકલ બીડ ખોલવામાં આવશે (તેના માટે ઉકત જણાવેલ તમામ ડોકયુમેન્ટ ફરજીયાત બીડાણ કરેલા હોવા જોઈએ) તેમાં યોગ્ય ઠરેલ ઈજારદારોના જ ફાઈનાન્સીયલ બીડ ખોલવામાં આવશે.

4. ટેન્ડર ભરનાર ઈજારદારે બેંકની ડીપોઝીટ રસીદ વિગેરે ટેકનીકલ બીડના કવરમાં રજુ કરવાની રહેશે. અન્યથા ટેન્ડર રદ ગણવામાં આવશે.
5. ઈ–ટેન્ડર સાથે સામેલ ભાવ પત્રકમાં જ ભાવ ભરવાનો છે તે સિવાયના ભાવો ધ્યાનમાં લેવામાં આવશે નહી.
6. જે એજન્સીના ભાવો મંજુર થાય તે એજન્સીએ નગરપાલિકા ધ્વારા આપેલ સમયમર્યાદામાં કામ શરૂ કરવામાં નહી આવે તો તેઓએ નગરપાલિકામાં જમા કરાવેલ

૭. કામગીરીની શરતો :–

1. કામગીરીમાં કોઈ અકસ્માત કે જાન હાની થાય (જેમાં જેસીબી મશીન,ટ્રેકટર ટ્રોલી, ડ્રાઈવર,કલીનર, પશુ ,મજુર કે રાહદારીને) તે તમામ જવાબદારી ઈજારદારની રહેશે.
2. દરેક દિવસની કામગીરીની પાવતીના આધારે બીલ મળવા પાત્ર થશે.
3. ટેન્ડર મંજુર થયે ઈજારદારે એક(૧) વર્ષ સુધી કામગીરી કરવાની રહેશે. વર્ષ દરમિયાન કોઈ પણ જાતનો ભાવ વધારો આપવામાં આવશે નહી.
4. સમયમર્યાદામાં કામ શરૂ કરવામાં નહી આવે તો તેઓએ નગરપાલિકામાં જમા કરાવેલ સીકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને સેકન્ડ લોએસ્ટ ને કામગીરી નો વર્ક ઓર્ડર આપવામાં આવશે. તેમાં ફર્સ્ટ લોએસ્ટનો કોઈ વાંધો કે તકરાર ચાલશે નહી.
5. ડ્રાઈવર, હેલ્પર, મજુર વિગેરે રાખવા બાબતે લેબર એકટની તમામ જોગવાઈઓનું પાલન કરવાની જવાબદારી ઈજારદારની રહેશે.
6. કામગીરી નગરપાલિકાની સુચના મળે તે રીતે રાત્રી તેમજ દિવસે કરવાની રહેશે.
7. તમામ ટેક્ષ સાથેના ભાવ આપવાના રહેશે.
8. ઓર્ડર મળ્યે દિન–૭ માં કામગીરી શરૂ કરવાની રહેશે તેમજ ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત તથા જરૂરીયાત અનુસાર તાત્કાલિક ધોરણે પણ કામગીરી કરવાની રહેશે.
9. તકરાર અંગે ચીફ ઓફીસરનો નિર્ણય આખરી ગણાશે.
10. તકરાર અંગે ન્યાયનું ક્ષેત્ર ડીસા રહેશે.
11. ઈજારદારે ઉપર જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે જો શરતોનો અમલ નહી થાય તો નોટીસ આપી ઈજારો રદ કરી સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**ટેન્ડર સબમિશન :–**

- ટેન્ડર www.tender.nprocure.comપર ઓનલાઈન ભરવાનો રહેશે.

- ફીઝીકલ ડોકયુમેન્ટસ આર.પી.એ.ડી.થી વેબસાઈટ પર જણાવેલ સમયમર્યાદામાં ડીસા નગરપાલિકા કચેરીએ મોકલવાના રહેશે. જેના કવર ઉપર ભરનારનું પુરેપુરું નામ, સરનામું અને ટેલીફોન નંબર લખવાનો રહેશે. ટેકનીકલ બીડ સાથે રૂા.૬૦,૦૦૦/– EMD માન્યતા પ્રાપ્ત બેન્કના ડીમાન્ડ ડ્રાફટ, પે–ઓર્ડર, બેન્ક ગેરેટી પૈકી કોઈપણ એક સ્વરૂપે રજુ કરવાની રહેશે તથા ટેન્ડર ફી ના રૂા.૧૫૦૦/– નો ડીમાન્ડ ડ્રાફટ સામેલ કરવાનો રહેશે તથા માંગેલ જરૂરી પાત્રતાના પુરાવા સ્કેન કોપી ટેન્ડર સાથે ઓનલાઈન અપલોડ કરી ટેકનીકલ બીડ મોકલવાના રહેશે.

| Sr.no | Name of work | unit | Rates |
|---|---|---|---|
| 1. | જે.સી.બી. મશીન ડ્રાઈવર/ડીઝલ સાથે ભાડે આપવાનું કામ | એક કલાક ના ભાવ | |
| 2 | જે.સી.બી. મશીન બ્રેકર ડ્રાઈવર/ડીઝલ સાથે ભાડે આપવાનું કામ | એક કલાક ના ભાવ | |
| 3 | હીટાચી મશીન ડ્રાઈવર/ડીઝલ સાથે ભાડે આપવાનું કામ | એક કલાક ના ભાવ | |
| 4 | ડીસા નગરપાલિકા વિસ્તારમાં જરૂરીયાત મુજબના કામો જેવાકે ગટરમાંથી નિકળતો ગારો/કાદવ, રોડથલ, માટી, કચરો વિગેરે ઉપાડવાનું કામ તથા નગરપાલિકાને જરૂરીયાત મુજબના કામો માટે ટ્રેકટર–ટ્રોલી ડ્રાઈવર/ડીઝલ સાથે ભાડે આપવાનું કામ. કામનો સમય સવારે ૮:૦૦ થી ૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૬:૦૦ | એક દિવસ ના ભાવ | |
| 5 | ડીસા નગરપાલિકા વિસ્તારમાં જરૂરીયાત મુજબના કામો જેવાકે ગટરમાંથી નિકળતો ગારો/કાદવ, રોડથલ, માટી, કચરો વિગેરે ઉપાડવાનું કામ તથા નગરપાલિકાને જરૂરીયાત મુજબના કામો માટે ડમ્પર ડ્રાઈવર/ડીઝલ સાથે ભાડે આપવાનું કામ. કામનો સમય સવારે ૮:૦૦ થી ૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૬:૦૦ | એક દિવસ ના ભાવ | |